માનસીંહ-અભયસીંહની વારતા.

રમુજી વાંચન વિલાસ નંબર ૧ લો.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

છોટાલાલ છગનલાલ શાહ.

અમદાવાદ.

આર્યહિતવર્ધક પ્રેસ.

કિંમત બે આના.

રમુજી વાંચન વિલાસ નંબર ૧ લો

માનસીંહ-અભયસીંહની



વારતા.

પ્રસિદ્ધકરનાર

છોટાલાલ છગનલાલ શાહ.

અમદાવાદ.

આર્યહિતવર્ધક પ્રિન્ટીંગ પ્રેસ.

કિંમત બે આના.

૫૮-૦૦

૫૯૦૦

માનસિંહ-અભયસિંહની

રમુજી વારતા.

વિશાળ **ચંદ્રપુરી** નામે નગરીમાં **જયસીંહ** નામે રાજા રાજા રાજ કરતો હતો. આ ધર્મી રાજાના **માનસિંહ** અને **અભયસીંહ** નામના બે કુંવરો હતા. તેમાં મોટો **માનસિંહ** વિદ્વાન. હોંસીલો પણ હઠીલો હતો ને નાનો ભાઈ **અભયસીંહ** શૂરો, સત્યવાદી, ને દયાળુ હતો. પરંતુ બે ભાઇનો સંપ ઘણો સારો હતો. એક દિવસે પ્રભાતના પહોરમાં બંન્ને ભાઇ ઠંડી હવાવાળા રાજમેહેલના ઝરૂખામાં બેઠેલાછે તેવામાં ત્યાં થઇને તેજ સેહેરના **નગરશેઠના** છોકરાની વહુ **ઝીણા પદમણી** પોતાની સખીયો સાથે પાણી ભરવા જતી હતી. રંભાથી અધીક રૂપવાન તેનું શરીર જોઇ **માનસીંહ** તેનાપર મોહ પામ્યો, ને તેણે **અભયસીંહ** ને કહ્યું ભાઇ જો કે આપણા જનાનામાં આટલી બધી રાણીઓ છે પણ એના જેવી તો એકે છે નહીં માટે ગમે તેમ કરી મારે આની સાથે લગ્ન કરવુંજ જોઇએ. અભયસિંહ આથી આશ્ચર્ય પામી બોલ્યો વડીલ બંધુ આપ આ શું બોલો છો ?! એતો નગરશેઠના છોકરાની વહુ છે માટે તેની છેડ કરવી ઠીક નથી. જો કદાપી પીતાજી આ વાત જાણે તો મારા ધારવા પ્રમાણે તેમાંથી ઘણુંજ માઠું પરીણામ

નીવડે. વળી આપ વિચારોકે પીતાજીની ઉમર વૃધ્ધ થવા આવી છે, માટે થોડા સમયમાં આપ રાજગાદીના પવિત્ર તખ્તપર બીરાજવાના છો, તેથી તમારે આ કૃત્ય કરવું યોગ્ય નથી. પ્રજા પણ વિચારે કે જે રાજા પોતાની પ્રજાપર આવી કુદ્રષ્ટી કરે તે ભવિષ્યમાં શું ફળ આપે, માટે કૃપા કરી એ વાત મુકીદો. મોહમાં પડેલા **માનસિંહને** આ વાત રૂચી નહી, ને તેણે તે બાઈ પાણી ભરી પાછી આવી તે વખતે કાંકરી મારી તેનો ઘડો કાંણો કરવા નિશ્ચય કર્યો. હવે **ઝીણા પદમણી** તો પોતાની સાહેલીઓ સાથે કુવાપર જઈ પાણી ભરી ઘડો માંથે મેલી પાછી તેજ માર્ગે થઇ જતી હતી. તેવોજ તેના ઘડાપર **માનસીંહે** એક કાંકરો મારી કાંણું પાડયું. કાંણું પડતાની સાથે તેમાંથી નિર્મળ પાણીની ધાર તે બાઇના વસ્ત્રપર પડવા લાગી તેથી તેણીએ પાછું ફરીને જોયું તો રાજાના કુંવરોને દેખી શરમાઈ ગઇ, પણ તેની સાહેલીઓ તેને ભંભેર્યાથી તે ગુસ્સાભેર ત્યાંથી ચાલી ગઇ. ઘેર જતાં વાંતજ બેડુ પાણીયારામાં મુકી એકદમ મેડાપર પોતાના દિવાનખાનામાં જઇ ઝેરનો પ્યાલો તૈયાર કરયો ને તે પીવાની તૈયારીમાં હતી એટલામાં તેની સાસુએ વિચાર્યું કે આંજ વહુજી પાણી ભરીને આવ્યા પછી એકદમ મેડે કેમ ગઇ ! નકકી કંઇ તોફાન થયેલું હોવું જોઇએ તેથી તે ઉપર આવી જુએ છે તો તેના હાથમાં ઝેરનો પ્યાલો દીઠો ને તે પીવાની તૈયારીમાં છે એવું જોતાની સાથેજ એક ઝડપ મારી તેના હાથમાં પડાવી નાંખી કેહેવા લાગી કે વહુ તે આ શું કરવા માંડયું છે? શું તારે મારા ઘરની આબરૂ લુંટાવવી છે, પતીવ્રત જાળવવા મળવાને સજ થયેલી **પદમણીએ** ક

કહ્યું "નહીં સાસુજી મારે હવે આ જગતમાં રેહેવું મીથ્યા છે.' કારણકે જ્યારે રાજાઓના છોકરાઓ મારી ભરનગર વચ્ચે મશ્કરી કરે તે શું જેવી તેવી વાત છે ? સાસુએ શાંતતાથી કહ્યું જ્યારે એમ હતું ત્યારે તે વાત તેમને કેમ ન કહી ! જો કદાપી આમ તું મરી ગઇ હોત તો ઉલટી તારી વધારે ફજેતી થાત. હશે પણ હવે તું નીચે ચાલ. તારા સસરાજીને કહી હું આ હમણાં તેમની ખબર લેવરાઉંછું. એમ કહી તેઓ નીચે આવી ઘરના કામે વળગ્યાં સાંજે જ્યારે શેઠ દુકાનેથી આવી વાળુ કરવા બેઠા તે વખતે સર્વે હકીકત તેમને જણાવી શેઠ આથી ગુસ્સે ભરાઇ બોલ્યા શું તે ચંડાળો આવાં કામ કરેછે. ધીઃક્કાર હજો તેમના નામપરને જાતપર. એમ કહી પોતે જમી રાતે આખા ગામનું મહાજન ભેગું કરી સરવે હકીકત જણાવી; જેથી મહાજને મળી એવો ઠરાવ કર્યોકે હવે આ ગામમાં કોઇને રેહેવું નહીં કારણકે જ્યારે નગરશેઠના ઘરનાં માણસોની મશ્કરી કરવાને પણ તેઓ ડરતા નથી ત્યારે કાલે આપણી શી વલે ! માટે ચાલો આપણે કોઇ બીજા ન્યાયી રાજ્યમાં જઇએ એમ કહી સૌ પોતપોતાના ઉચાળા ભરી દરવાજા પાસે આવ્યા. રાતના બાર વાગ્યાનો અમલ છે તેથી ચોકીદારો દરવાજા વાસી બારી પાસે પોતાના ખાટલા નાંખી ઉંઘતા હતા. નગરશેઠ તેમની પાસે જઇ દરવાજો ઉઘાડવાનું કહ્યું ત્યારે સીપાઈ બોલ્યો મેહેરબાન કુંચીઓ દરબારમાં ગઇ છે માટે ઉભા રહો હું લઇ આવું. એમ કહી તરત દરબારમાં જઈ રાજાને એ હકીકત જાહેર કરી. રાજાએ વિચાર્યું કે નક્કી આમાં કંઇપણ વિઘ્ન છે તેથી પોતે સિપાઈની જોડે દરવાજાપર આવ્યા ત્યાં આવી જુએ છે તો દરવાજાનું તા-

ળું તોડી બધાને ગાંડીઓ હાંકી ચાલતા થએલા જોયા. તરતજ રાજાએ દરબારમાંથી ઘોડો મંગાવી પોતે તેમની પુંઠે ગયો તો બે ત્રણ ગાઊપર સઘળાઓએ ગાડાં છોડી પડાવ નાંખ્યો હતો ત્યાં આવી નગરશેઠને મળી સરવે હકીકત જાણી ને એકદમ ગુસ્સાભેર બોલ્યો શું તે ચંડાળો આવાજ કૃત્ય કરતાં ફરે છે. બસ જ્યારે હું તેમને મારી નાંખીશ ત્યારેજ મારી આ શમશેર મ્યાનમાં નાંખીશ. નગરશેઠે વિચાર કર્યો કે હાલ રાજા વૃધ્ધ ઊમરે તો પહોંચ્યા છે માટે જો કદાપી કુંવરોને મારી નાંખશે તો પાછળ રાજ્ય ગાદીના વારસ માટે ભારે હુલ્લડ થશે માટે તેમને દેશનિકાલ કરાવવા કે જેથી રાજાના મુઆ પછી તેઓ ગાદી સાચવવા આવે. એમ ધારી તેઓ દેશનિકાલની સજા કરવાનું રાજા પાસેથી વચન લઇ શેહેરમાં પાછાં આવ્યાં.

બીજા દિવસે સવારમાં ભારે દરબાર ભરી રાજાએ ઠરાવ કર્યો કે જે ચંડાળોએ નગરશેઠના છોકરાની વહુની લાજ લુંટી છે તેમને દેશ નિકાલ કરવામાં આવે છે, ને તે પાપીએ હવે મને મોં બતાવવું નહીં ! એમ કહી ઠરાવની ચીઠી પોતાના કુંવરોને મહેલે મોકલાવી અહીં મોટો ભાઇ માનસીંહ નાહાવા બેઠો છે ને નાનો ભાઇ અભયસિંહ પાણી રેડે છે. તેવામાં નાનાભાઇની નજર ચીઠી લેઇ સીપાઇને આવતો જોઇ ચટપટ થઇ કે નકકી આ કાલની મ્હોકંણુના સમાચાર આવ્યા. થોડીવારે સીપાઇ આવ્યો તેની પાસેથી તે ચીઠી લેઇ વાંચતાં ખરૂં પડયું. પોતે ભાઇને તે ચીઠી વંચાવી કે તુરત તે ક્રોધાતુર થઇ બોલ્યો કે ત્યારે મારે પણ આ રાજનું અન ખાવું હરામ છે. એમ કહી લુગડાં લત્તાં પેહેરી નીકળવા તૈયાર થ-

યો. તેની સાથે નાનોભાઇ પણ તૈયાર થઇ બન્નો જણા પોતાની માતાની રજા લેવા ગયા. માયાળુ માતાને પુત્રથી છુટાં પડતાં ઘણુ દુઃખ લાગ્યું પણ છેવટે ના ઇલાજે રજા આપવી પડી. માતાની રજા લેતા કે તરત તે બે શુરવીર કુંવરો નગર છોડી ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં ત્રણ દીવસ ને ત્રણ રાત સુધી પોતાના ઘોડા દોડાવ્યા કરયા. જ્યારે ચોથે દીવસે માલમ પડયું કે હવે બાપના રાજની હદમાંથી આપણે નીકળી પડયા છીએ ત્યારે તેઓ પાસેના જંગલમાં મધ ભાગે જ્યાં તળાવ હતુ ત્યાં જઇ ઉતારો કર્યો. ઘોડા ઉપરથી ઉતરી એક ઘટાદાર ઝાડનીચે જાજમ પાથરી ઘોડાપરથી સામાન ઉતારી તેમને છુટા ચરવા મુકયા નાનોભાઇ **અભયસિંહ** હાથમાં રૂપાની ઝારી લેઇ તળાવપર ગયો ને તલાવમાં દાતણપાણી કરી ઝારી ભરી લીધી ને પાછો આવતો હતો તે વામાં તલાવને કાંઠે આવેલી માતાની દેરીઓ જોઇ તેની તરફ વળ્યો તો તે દેરીમાંની ભીંતપર કોતરેલા શીળા લેખ પણ તેની નજર પડી. તે વાંચી તેનો વિચાર કરતો કરતો કરતો પોતાના ભાઇ પાસે આવ્યો. **માનસીંહે** જોયું કે **અભયસિંહ** કંઇ વિચારમાં છે. માટે તેને પુછ્યું ભાઇ શું વિચાર કરોછો? એમાં **અભયસિંહે** કહ્યુ ભાઇ હું પાણી ભરી પાછો આવતો હતો તેવામાં દેવીઓના મંદિરપર મેં એવું વાંચ્યું કે જે કોઇ આ તળાવનુ પાણી પી અહી રાત રહેશે તેનું પ્રભાતમાં જરૂર મરણ થશે,તેથી મને તેના વિચાર વારંવાર આવ્યા કરે છે અરે એમાં તે શું? જો મોત આવ્યું તો ઘણુ સારૂ કે આમ જંગલે જંગલ રખડયાં કરતાં વહેલા દુઃખમાંથી છુટાએ. એમ કહી બન્નો ભાઇએ કસુંબો કાઢી પી-

ધો ને પછી જમી લીધું. એટલે રાત પડવાનો વખત થયો તેથી **અભયસીંહે** બે હાથે તાલી વગાડી સીસોટી વગાડી કે ચરવા ગયેલા ઘોડાઓ તેમની પાસે આવ્યા તેને ઝાડે બાંધી **અભયસિંહ** સુઇ રહયો તે વખતે માનસીંહ જાગતો રહયો કારણ કે રાતનો વખત માટે જંગલની અંદર સાવધાન રહેવુજ જોઇએ જ્યારે મધ્ય રાત્રીનો સમય થયો ત્યારે **અભયસિંહ** ઉઠયો ને મોટા ભાઇને સુઇ રહેવાનુ કહ્યું મુસાફરીથી થાકેલો માનસીંહ સુનો કે તરત તેને ઉંઘ આવી. હવે રાત્રીનો એક વાગ્યો કે મંદિરમાંની દેવીઓ બહાર નીકળી પોતાના ભક્ષનો આહાર કરવા તૈયાર થઇ. પરંતુ તેમાંની એક દીલમાં દયાના અંકુરો સ્ફુર્યા. તરત તેણીએ પોતાની બેનપણીને કહ્યું બહેન ? જે આપણે શરણે આવે તેને ખાવું તે આપણો ધર્મ નથી બીજી બોલી શું ત્યારે આપણું વચન મીથ્યા જાય. પેહલી દેવી બોલી નહીં બેન આપણે એ બન્નોનું મ્હોત કેમ થશે તેમાંનો નાનોભાઇ સાંભળે તેમ કરો એટલે તેઓ ચેતીને ચાલે- બીજી દેવી બોલી સાંભળ કે આપણ ગયા પછી એવો એક મણીધર નાગ આવશે. નાનોભાઇ તેનું મણી હરણ કરશે તેથી નાગ મણીવીના મરણ પામશે, બીજે દીવસે નાગને ઘેર ન આવેલો જોઇ નાગણ ખોળવા નીકળશે તે પોતાના ધણીનુ વેર લેશે. પણ જો તે વખતે મોટોભાઇ નાનાભાઇને નહી બાળે તોપણ પાછો તે સજીવન થશે. એમ વાતો કરી તેઓ અલોપ થઇ ગઇ. નાનોભાઇ આ સઘળી વાત સાંભળતો હતો, થોડીવારે દેવીઓના કહ્યા મુજબ નાગ આવ્યો ને તેજ ઝાડ તળે મણી મુકી પોતે તળાવમાં માંછલી પકડવા ગયો.

અભયસિંહે લાગ જોઈ કાદવનો એક ગોળો તે મણીપર નાંખી પોતે ઝાડપર ચઢી બેઠો મણીના તેજ વિના આંધળો ભીંત જેવો નાગ બની ગયો ને છેવટે મણી માટે પછાડા મારી મરણ પામ્યો પરો ઢીઆમાં ઝાડપરથી હેઠા ઉતરી પેલું મણી તેણે પોતાનાભઈ માનસીંહના ફેંટાગાં બાંધી લીધું, તે પછી **માનસીંહ** યારે ઉઠ્યો ત્યારે બંન્ને ભાઈએ કસુંબો કાઢી પીધો ને જમી પોતાના ઘોડાપર સ્વાર થઈ ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં એક ઘોર જંગલમાં તેઓ સેદ્રયા કામે **આવી** ચડયા રાત્રીનો શમય થવાથી બંનો ભાઈઓ ત્યાંજ મુકામ કરવાનુ સલામત ભરયુ જાણી ત્યાં પડાવ નાંખ્યો.

હવે જે પેલા નાગનું તેમણે મણી લઈ લીધું હતું તે નાગની નાગણ પોતાનો ધણી હજી સુધી ઘેર કેમ ન આવ્યો,તેની તપાસ કરવા બહાર નીકળી હતી. તેણે પોતાના ધણીને તળાવકાંઠે મુવેલો જોઈ અત્યંત રડવા લાગી. છેવટે શોક છોડી કયમ મુઓ તેની તપાસ કરવા મંડી તો તેને જણાયું કે કેઈ મણી લેઇ ગયું તેથી પ્રાણનાથે આપઘાત કર્યો છે. માટે તે મણી લેનારનો જાન લેઉં તોજ અન્ન ખાઉં ત્યાં સુધી અન્ન પાણી હરામ છે. એમ ધારી તે પેલા ઝાડ આગળ બંન્ને ભાઈઓનાં પગલાં જોઈ તેમના પગલે પગલે આવી, અહીં **માનસિંહનો** પહેરો હતો ને **અભયસિંહ** ઉંઘતો હતો તેવામાં **માનસિંહને** પણ ઝોકું આવવાથી તેપણ ઉંધી ગયો તેવામાં ત્યાં પેલી નાગણે આવી અભેસિંહને ડંખ માર્યો ને તેનું ઝેર વ્યાપી જવાથી તુરત તે મરણ પામ્યો. વાહાણું વાતાં જ્યારે **માનસીંહ** ઉઠી જુએ છે તો પો-

તાના ભાઇને મુએલો જોઇ અત્યંત રૂદન કરવા લાગ્યો છે. છેવટે તે તેને બાળવાની તૈયારી કરતો હતો તેવામાં તેના હાથે—**જો તું મારો ખરો ભાઈ હોય તો મને ત્રણ દીવસ સુધી બાળીશ નહી**—એવા લોહીથી લખેલા દસ્કતો દેખી વળી તે વધારે રડવા લાગ્યો. છેવટે તેણે વિચાર કર્યો જે એણે આ પ્રમાણે લખ્યું છે તો તેમજ કરવું એમ વિચારી પોતાનો ઘોડો તથા પોતાનાં લુગડાં લેઇ ઇશ્વરની સ્તુતિ કરી પોતાના ભાઇને તથા તેના ઘોડાને જગકર્ત્તાને કારણો મુકી પોતે આગળ ચાલતો કર્યો જતાં જતાં તે **ઠગ પાટણ** નામના નગરના દરવાજે ગયો પોતાના ગામના દરવાજે કોઈ રાજવંશી પુરૂષ આવ્યો છે એવી **ઠગરાજા** ખબર પડયાથી તે તેને સામો તેડવા ગયો ને તે **માનસીંહને** પોતાને મ્હેલે તેડી લાવ્યો. બાદ ઠગે પોતાની કુંવરી **કામકળાને** સમજાવ્યુંકે મારે જે શિકાર આવ્યો છે તેનો બરોબર ઘાટ ઘડજે. પીતાજી! નીર્ભય રહો! એમ કરી તે ચતુરા ત્યાંથી ચડપડ લઇ **માનસિંહ** પાસ આવી તેને મોહમાં નાંખવાનાં અનેક ચરિત્રો કર્યાં. છેવટે તેણીએ જાણ્યું કે આ કોઇ ખરો પહેલવાન છે ત્યારે તેને બીજી ખટપટો મુકી દેઇ જે વખત માનસિંહ ઉંઘતો હતો તે વખતે તેને છાનોમાનો પલંગ સાથે બાંધી લેઇ મારવા તૈયાર થઈ. ચતુર **માનસીંહ** ચેતી ગયો કે આ વખત ખરી સપડામણમાં આવ્યા છીએ, માટે અકકલ વીના ઉગરાશે નહી. એમ ધારી તે કુંવરીને કેહકે સુંદરી તું મને ઝટ માર, એમ કહી ખુબ હસવા લાગ્યો. કુંવરી તેની આ રીત જોઇ આશ્ચર્ય પામી બોલી. હે ભોળા વીર તું મ્હોત

ઝાળમાં સપડાયેલો છતાં કેમ હસે છે માનસિંહ તો જેમ જેમ પેલી પુછતી જાય તેમ વધારે હસ્યા કરે છેવટે કહયું હે ભલી સ્ત્રી તું તારા બાપને પુછી આવ કે કરે તે ભોગવે કે કરાવે તે ભોગવે કુંવરી બાપને શું પૂછવું છે એતો આખું ગામ જાણે છે કે કરે તે જ ભોગવે. ત્યારે હે કુંવરી તારા બાપને પૈસા મળવા માટે તું હજારોનો જીવો લે છે તેનુ પાપ કોને શીર શરમાયેલી સુંદરી તરત માનસિંહને તેના બંધમાંથી મૂકત કરી તેના ચરણે પડી બોલી હે ભાગ્યવાન ભુપતી આપે મને જે સુબોધ આપ્યો તેના બદલામાં હું તમને મારી દેહ અર્પણ કરૂં છું. એમ કહી માનસીંહને તેના બંધમાંથી મુકત કરી પતીપ્રીયા મન ગમતો રંગવિલાસ કરી આનંદ પામ્યાં. ઠગરાજાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે પેહેલાં તો ક્રોધે ભરાયો પણ પાછળથી નરમ પડીને પોતાનું રાજ્ય પણ માનસીંહને સોંપી પોતે ઈશ્વર ભકતીમાં દીન ગાળવા લાગ્યો ને આખા ગામમાં માનસીંહની વાહવા ચાલી રહી. !!

હવે આપણે તેના નાનાભાઇ અભયસીંહ તરફ વળીએ તે બિચારાનું મડદું જંગલની અંદર ઇશ્વરાધારે પડયું છે ત્રણ દીવસ વીત્યા કેડે તે જંગલમાં માણસનાં પગલાંનો તથા બળદના ઘંટનો અવાજ આજ સાંભળવામાં આવ્યો, સ્વામીભકત અશ્વે એક જબરો ખોંખારો કરયો ને તે કોઇની મદદ માગવા ઇચ્છતો હોય તેવો દયામણો ચ્હેરો કર્યો તેવામાં સર્વે લોકો ત્યાં આવી પહોંચ્યા ને અજાયબ થયા કારણકે કોઇ દીવસે આ જંગલમાં થઇને જતું આવતું જનાવર પણ તેમણે દીઠું નહોતું ને આજ એક રાજકુંવર તથા અશ્વ નિરભયપણે જોઇ અનેક તરંગો કરેજ એટલામાં તેમનો સહુ

કાર લાખોવણઝારો આગળ આવી બોલ્યો કે અરે કોઇ એને જ ગાડો પણ કોની માએ સેર સુંડ ખાધી હોય કે તેને જગાડવા જાય, છેવટે તેજ વણઝારાની ચંપકકળા નામે છોકરીએ બાપનું વચન લેઇ અભયસીંહને ઉઠાડવા તૈયાર થઇ ને તેની પાસે જઈ ખુબ ઢંઢોળ્યો પણ મરી ગયેલું મડદું કેમ ઊઠે !! છેવટે જ્યારે તેણીએ તેના મ્હેરાપર ઓઢેલી સાલ ઉઘાડી જોયું તો મુએલો દીઠો ને તે અપાર રૂદન કરવા લાગી. સર્વે તેથી આશ્ચર્ય પામી પુછવા લાગ્યાં ત્યારે તેણીએ જોયું કે મારે એવો નિયમ છે કે જે પુરૂષને સ્પર્શ થાય ત્યાં જેનું મ્હોં જોઉ તેની જોડે મારે વરવું માટે હવે એતો મારો શીરછત્ર થઇ ચુકયો. હવે હું તેની સાથે સતી થઇશ તેના બાપે તથા લોકોએ ઘણુ સમજાવવા માંડયું પણ તેણી એકની બે થઇ નહી છેવટે એક મોટી ચિત્તા ખડકી તૈયાર કરી ચંપકકળા સતી થાય છે માટે સર્વે તેનો આસીવાદ લેવા ઉભા છે. બીજી વતુ ઢોલ નગારા વાગી રહ્યા છે તેનો અવાજ કાશી એગથી શાસ્ત્ર વિદ્યા ભણીને બે આધેર વયના બ્રહ્મણો આજ જંગલમાં થઇ પોતાના દેશમાં જતા હશે તેમના કાને પડવાથી તેઓ પણ ત્યાં જોવા આવ્યા. ત્યારે તેમને માલમ પડયુ કે કોઇ રાજકુવરને નાગ કરડવાથી મરણ પામ્યો છે તેની જોડે ચંપકકળા સતી થાય છે. તરત તે વિદ્વાન બ્રહ્મણો સતી પાસે જઇ કહેવા લાગ્યા કે હે સતી તું ધીરજધર અમે તારા પતિને જીવાડીએ છીએ એમ કહી પોતે મળેલું પાણી છાંટયુ કે તરત અભેસીંહ આળસ મરડી બેઠો થયો ને આસપાસ માણુસો જોઇ ક્રોધાતુર થઇ પોતાની સમશેર ખેં

ચી ફેરવવા મંડયો તે સમયે ચતુર ચંપકકળાએ નમ્રતાથી સરવે હ કીકત નિવેદન કરી. એટલે ઉલટો તે શરમંદો પડી સર્વેની માફ મા ગી લાખોવણઝારો પણ તેથી ઘણો ખુશી થયો ને તેજ વખતે પેલા બ્રાહ્મણો પાસે શાસ્ત્ર વીધી પ્રમાણે સંજોગ લગ્ન કરી આપ્યાં પછી તેણે **અભયસિંહને** પોતાની સાથે જવા કહ્યું પણ **અભય-સીંહે** ના કહી પોતે દેશવટે નીકળ્યો છે તે સર્વે વાત જણાંવી ને કહ્યું કે હું પીતાની ગાદીપર જતાં તમારી કુંવરીને લેતો જઇશ એ નીશ્ચે કર્યાથી છુટાં વખુટાં પડયાં પણ ચિકાહરણ ચતૂરા ચંપકકળા ની દ્રષ્ટી પતી તરફ ઘણીવાર સુધી ટગમગ થઇ રહી, ચાલતાં ચા-લતાં અભયસિંહ કામના સમયે જે ગામમાં તેનો મોટો ભાઇ માન સિંહ રાજ્ય કરતો હતો ત્યાં આવી પહોંચ્યો પણ તે વખતે દર-વાજા બંધ હોવાથી તે પાસેની **ધર્મશાળામાં** ઉતર્યો, સુંદર ઘોડો તથા પેહેલવાન પુરૂષ જોઇ તે **ધર્મશાળામાં** ચોકી કરવા રેહેનાર પેરીગરની દાનત બગડી તેણે અભેસિંહને ઉંઘમાં કેટલાક ઘા મારી મોંમાં ડુચો લગાવ્યો બાદ તેના લુગડાં લતાં ને દાગીના ઉતારી લેઇને એક ગાંસડી બાંધી થોડે દુર માટેજ ખાણ હતી તેમાં નાંખી આવ્યો. બીજા દીવસે પ્રભાતના પહોરમાં વહેલો ઉઠી એક કુંભાર માટી લેવા આવ્યો. તેના દીઠામાં તે ગાંસડી આવી તે ઉઘાડી તપાસી તો એક રાજપુત દેખી તે દયાતુર થઇ પોતાને ઘેર કૂંવરને લઈ જઇ તેના ઘાપર દવા દારૂ લગાવી સારો કરયો. પોતાને પેટ છોકરો ન હોવાથી એનેજ પોતાનો છોકરો કરી રાખ્યો રાજપુત્ર અભયસિંહ

જો કે અચાનક પ્રમાણે આવી હલકી જાતની હાથમાં આવ્યો, ધીમે ધીમે તેની કીરતી ઘણે ઠેકાણે પસરી ગઈ

હવે એક દિવસનો સમાગમ છે તેવામાં એક તેજ ગામનાજ કોઈ મોટા વેપારીનાં વહાણ અચકી પડયાં હશે તેને બત્રીશ લક્ષણો ભોગ આપે તોજ તે ચાલશે એવું જોશીઓ તરફથી જાણવામાં આવેલું તેથી તે રાજા પાસે જઈ બત્રીસ લક્ષણાની માંગણી કરી રાજાએ કહયું ભાઈ મારા નગરમાં જ્યાં તું તેવો પુરૂષ દેખે ત્યાંથી તને લઈ જવાની છુટ છે. ખબર કાઢતાં કાઢતાં શેઠના સાંભળવામાં આવ્યું જે નગરમાં બત્રીસ લક્ષણા તો બેજ છે એક મહારાજા માનસીંહ અને બીજો કુંભારનો છોકરો કેશવો. બીજો કોઈ નથી. શેઠે વિચાર કરયો કે રાજાને તો લેવાય નહીં માટે કુંભારના છોકરાને લેવો એમ નિશ્ચય કરી કૂંભારને સઘળી હકીકત કહી ત્યારે તેણે હા કહી. હવે જે વખતે વહાણ ચલાવવાં તેજ વખતે કેસાવો ત્યાં જઈ પોતાની ટચલી આંગળી કાપી તેનું લોહી વહાણને લાગતાંજ વહાણ સડેડાટ ચાલ્યાં ગયાં. અભયસિંહ પણ તેમની સાથે ગયો કેટલેક દિવસે તેઓ એક વિશાળ નગરમાં આવી પહોંચ્યા. હવે તે નગરના રાજાની છોકરીનો સ્વયંવર મંડપ ભરાયો હતો તે જોવાને સર્વે લોકો વહાણપરથી ઉતરી ત્યાં ગયા હતાં. અભયસીંહ પણ તેમની સાથે હતો હવે જ્યારે સ્વયંવર મંડપમાં સર્વે લોકો આવી રહયા એટલે રાજકુમારી **મદનસેના** પોતાના હાથમાં વરમાળા લેઈ દરેક રાજાને નીરખતી નિહાળતી આવતી હતી તેવામાં ઓચીંતી

તેની નજર **અભયસીંહ**પર પડવાથી તેનાપર મોહ પામીને વરમાળા તેનાંજ ગળામાં આરોપી કે તરત રાજાએ તેનું નામ ગામ પુછી દીવસે વિધિ સહીત પરણાવી તેમને રેહેવાને જુદો મ્હેલ આપ્યો **જોબનનાપુર** બાહારમાં આવેલાં પતીપ્રીયાયો કામશાસ્ત્રના સિરંગોની વિવિધ લ્હેરો લેવા માંડી. !!

કેટલાક દિવસો વિત્યાબાદ **અભયસીંહનો** વિચાર સ્વદેશ જવાનો થયો તેથી તે વાદી તેણે પોતાની સ્ત્રી **મદનસેનાને** પણ કરી. મદનસેનાએ તે ખુશીથી કબુલ કરી પોતાના માબાપની રજા લેઇને શેઠના વહાણમાં અભેસિંહ આવ્યો હતો તેજ શેઠના વહાણમાં બેસી પોતાના ભાઇના રાજ્યમાં આવવા નીકળ્યો હતો જ્યારે ભરદરિએ વહાણ આવ્યાં કે શેઠની દાનત બગડવાથી તેણે **માનસિંહને** વિશ્વાસ ઘાત કેઇ દરીઆમાં હડસેલી દીધો પણ તે બાબતની **મદનસેનાને** ખબર પડવાથી ચાલાકી કરી તેને પાછો અંદર લેઇ લીધો ને શેઠને જણાવ્યું કે તે મરી ગયો છે પાપી શેઠ એથી વધારે ખુશી થતો ને તેણે જણાવ્યું હે **મદનસેના!** મેં કાંઇ તને મારી સાથે પરણવા માટે તારા ધણીને મારી નાંખ્યો નથી એટલે માત્ર મારા દેશના **માનસિંહ** રાજાવેરે પરણાવી સુખી કરવાના વીચારે આટલી ખટપટ કરી છે.

મદનસેના પણ ઉપર ઉપરથી મીઠું બોલી શેઠના મનનું સમાધાન કરતી એમ કરતાં કરતાં આખરે ઠગપાટણ શહેર આવ્યું કે

શેઠે રાજાને ત્યાં ખબર મોકલી એક મા઼ફો મંગાવ્યો ને તેમાં **મદનસેનાને** બેસાડી **માનસીંહ** પાસે મોકલી લીધી.

અભયસીંહને પણ તે સાથે એક પેટીમાં પુરી લેઈ ગઇ હતી, જ્યારે **માનસીંહ મદનસેનાને** મળવાને આવ્યો તે વખતે તેને પોતાના ભાઇ **અભયસીંહ** સાથે વાતો કરી ઘણો શરમાઇ ગયો છે વટે તેને શેઠનું પોગળ જણાતાં તેને યોગ્ય શીક્ષા કરી ને બંને ભાઇ હર્ષથી મળ્યાને સુખમાં દહાડા કાઢવા લાગ્યા.

સમાપ્ત.